# अथ श्री ग्रहगोचर सटीक

## ज्योतिष ग्रंथ.

आ संस्कृत ग्रंथनुं गुजराती भाषामां भाषांतर

महेता गवरीशंकर [illegible] पासे करावी.

विद्यार्थीओने उपयोगी थवा

छपावी प्रसिद्ध करनार

**बुकसेलर त्रीभोवन रणछोड.**

मु. [illegible].

[illegible]



अमदावाद.

[illegible]

૫૧૨૯

# ॥अथ श्री ग्रहगोचर ग्रंथ॥

श्रीगणे शांबिकाभ्यांनमः ॥श्रीहरिर्जेयति सरस्वत्यनमः ॥

सरस्वति प्रसन्नोस्तु ॥

श्लोकः गणेशंभारतीनत्वागुरुपादांबुजन्मनी
वक्षेहंपूर्वशास्त्रोत्कंगृहराशिगतंफलम् ॥१॥

ટીકા—ગણુપતીને સરસ્વતીને તથા ગુરૂના પાયરૂપી અં-બુજ જે ચરણકમળ; તેને નમસ્કાર કરીને પુર્વના શાસ્ત્રને વિશે કહેલું રાશીને વિશે પામેલા ગ્રહોનું ફળ હું કહું છું—

यस्यमूर्ध्नींदुरेखाचवलयंआखुभूगापि ॥
तंन[redacted]शंटीकापूर्वाविक्रियते ॥२॥

ટીકા—જેના મુસ્તકને વિશે ચંદ્રની રેખા શોભેછે અને જેનું કંકણ સર્પનું છે, એવા દેવના સ્વામી શંકર જે તેમને નમસ્કાર કરીને ( અપુર્વે ) પુર્વે આગ્રંથની નહી થયેલ એવી ટીકા જે તે; કરૂં છું—

## ॥ अथ सूर्य[illegible] ॥

सहजदशमषष्ठेलाभगेयातिसूर्ये ॥
धनयशनृपमान्यंसर्वकार्येषुसिद्धिः ॥
शुभमतिमखिलार्थबंधुवर्गेपिसौख्यं ॥
सुतसुखधनलाभंपुण्यवृद्धिंकरोति ॥१॥

ટીકા—પ્રથમ પંચાંગમાં કઈ રાશીના સૂર્ય ચાલેછે તેનો નિશ્ચય કરવો ત્યારબાદ જે રાશીનો સૂર્ય જોવો હોય તે રાશીથી જે રાશાના સૂર્ય ચાલતા હોય તે રાશી સુધી ગણવું તેમાં ત્રીજો, દશમો, છટ્ટો તથા અગિયારમો સૂર્ય આવે તો શુભ જાણવો। ( તેનું ફળ ) ધન તથા (યશ) કીર્તી મળે, રાજદ્વારથી માન્ય મળે અને ધારેલું કામ પાર પડે, બુદ્ધી શ્રેષ્ટ થાય, ધન સાથે બંધુવર્ગમાં સુખ મળે, પુત્રની પ્રાપ્તી થાય તથા બહુ લાભ સાથે પુન્યની વૃદ્ધિ કરે. ઉદાહરણ—કુંભરાશી, સૂર્ય ધનરાશીનાને, તો કુંભથી ધન સુધી ગણતાં સૂર્ય ૧૧ મો થયો તો ઘણો શ્રેષ્ટ. આ પ્રમાણે મેષરાશીથી પ્રારંભીને બાર રાશીવાળા મનુષ્યોને એ જોઈ લેવું. આ શુભ સૂર્યનું ફળ કહ્યું. હવે અશુભનું કહું છું—

जन्मांत्यसप्तद्विचतुर्थसंस्थो ॥
पंचाष्टकोवैनवमेचभानुः ॥

रोगंचशोकंभयमग्निपीडाम् ॥
व्याधिप्रवासं कुरुतेऽर्थहानिं ॥२॥

ટીકા—રાશીથી ગણતાં પેહેલો, બારમો, સાતમો, બીજો, ચોથો, પાંચમો, આઠમો તથા નવમો સૂર્ય આવે તો તે નેષ્ટ જાણવો. તે શરીરને વિશે રોગ ઉત્પન્ન કરે તથા શોક, ભય, અગ્નીની પીડા, વ્યાધી, પરદેશને વિશે ગમન તથા પૈસાનો નાશ કરે એમાં શંશય નહીં.

॥ अथ चंद्रफलम् ॥ १ ॥

जन्मत्रिसप्ताश्विदशायसंस्थो ॥
षष्ठेविधुश्चापिकरोतिलाभं ॥
द्रव्यागमंमित्रसमागमंच ॥
सद्बुद्धिवृद्धिंद्विजदेवभक्तिम् ॥३॥

ટીકા—રાશીથી ગણતાં પેહેલો, ત્રીજો, સાતમો, બીજો, દશમો, અગિયારમો તથા છઠ્ઠો ચંદ્રમા આવે તો તે સારો જાણવો. તેનું ફળ—દ્રવ્યનો લાભ કરે, મિત્રનો સમાગમ, બુદ્ધીની વૃદ્ધિ તથા દેવ બ્રાહ્મણને વિશે ભક્તીથી પરીપુર્ણ રહે.

धर्माब्धिगश्चसुतरंध्रगतोव्ययश्च ॥
द्रव्यार्थहानिमरि लंकुरुतेचचंद्रः ॥

चौराग्निभीतिवधबंधयुतंकरोति ॥
हानिंवियोगभयदुःखयुतंकरोति ॥४॥

ટીકા—રાશીથી ગણતાં નવમો, ચોથો, પાંચમો, આઠમો તથા બારમો ચંદ્ર આવે તો દ્રવ્ય (અર્થ) કામની હાની કરે ચોર તથા અગ્નીનો ભય કરે અને શસ્ત્રથી પીડા તથા બંધન, વિયોગ દુઃખ વિગેરે કષ્ટ ઊપજાવે.

॥ अथ भोमफलम् ॥

त्रिषष्टेचलाभेधराणिसुतःस्यात् ॥
गोभूहिरण्यांबरलाभकारी ॥
शत्रुक्षयंराजकृपांविधत्ते ॥
चारोग्यसौख्यांविविधंकरोति ॥५॥

ટીકા—હરકોઈ રાશીથી ગણતાં ત્રીજો, છઠો, અગિયારમો, પૃથ્વી પુત્ર મંગળ આવે તો ગાય, પૃથ્વી, સોનું તથા વસ્ત્રનો લાભ કરે, શત્રુનો ક્ષય કરે અને રાજાની કૃપા-દ્રષ્ટી થાય શરીર તંદુરસ્ત સાથે અત્યંત સુખ મળે તથા રાશીફળ આગળના શ્લોકમાં લખું છું—

जन्माब्धिपंचमद्वादशसप्ताष्टनवमोद्वितीयेदशमेपि ॥
व्याधिंविदेशागमनंमित्राविरोधंकुजःरुकुते ॥६॥

ટીકા—રાશીથી ગણતાં પેહેલો, ચોથો, પાંચમો, બારમો, સાતમો, આઠમો, નવમો, બીજો તથા દશમો મંગળ આવે તો વ્યાધિ કરાવે તથા પરદેશ મોકલે, મિત્ર સાથે વિરોધ કરાવે. નેષ્ટ ફળ કરે.

॥ इति भौमफलम् ॥

## ॥ अथ बुधफलम् ॥

लाभेद्विषष्टेदशमेचतुर्थे ॥
रंध्रेबुधश्चापिकरोतिलाभं ॥
सौभाग्यसौख्यंमनसोपिहर्षं ॥
चार्थागमंकांतिविवर्धनंच ॥७॥

ટીકા—બાર રાશીમાંથી હરકોઈ રાશીથી ગણતાં અગિયારમો, બીજો, છઠો, દશમો, ચોથો તથા આઠમો બુધ આવે તો ભાગ્યનો ઉદય થાય અને સુખ તથા લાભ મળે તથા મનમાં હર્ષ ઉત્પન્ન થાય અને આ શુભ ગ્રહ બુધ દ્રવ્ય તથા કાંતિનો વધારો કરે.

जन्मद्वादशपंचमेपिनवमेद्यूनेतृतीयेपिवा ॥
सौख्यस्यापिविनाशनंप्रकुरुतेद्रव्यार्थहानिंबुधः ॥
भ्रातुश्चापिविरोधशोकनभयंचांगेपिकष्टंमहत् ॥

नानाशत्रुभरं सदैवमसुखंव्याधिवियोगंतथा ॥८॥

ટીકા—હરકોઇ રાશીથી ગણતાં પેહેલો, બારમો, પાંચમો, નવમો, સાતમો તથા ત્રીજો બુધ આવેતો તે ઘણો નેષ્ટ છે તેનું ફળ સુખને જડમુળથી ઉખેડી નાંખે એટલુંજ નહી પરંતુ પૈસાની હાની તથા ભાઇઓ સાથે વિરોધ ઉત્પન્ન કરાવે અને પોતાના શરીરે ઘણું દુઃખ થાય અને સદાકાળ અસુખ સાથે શત્રુઓ તથા વ્યાધિ ઉત્પન્ન કરાવે તેમાં સંશય નહી.

॥ इति बुधफलम् ॥

## ॥ अथ गुरुफलम् ॥

द्विधर्मेचलाभेसुतेसप्तमेस्यात् ॥
गुरुर्लाभकारीक्रयेविक्रयेऽपि ॥
प्रतिष्ठाविवृद्धिंतथाबुद्धिवृद्धिं ॥
करोत्यर्थलाभंसुखंसंपदश्च ॥ १ ॥

ટીકા—હરકોઇ રાશીથી ગણતાં બીજો, નવમો, અગીયારમો, પાંચમો તથા સાતમો ત્રૈલોક્યનો સ્વામી ગુરૂ આવે તો ક્રય વિક્રયને વિશે લાભ કરે પ્રતીષ્ટા તથા બુદ્ધિની વૃદ્ધિ કરે અને સુખ સાથે પૈસાનો લાભ કરે તેમાં સંશય નહી.

द्वादशदशमचतुर्थे ॥

जन्मनिषष्टाष्टमेत्रातियेपि ॥
व्याधिंविदेशगमनं ॥
मित्रविरोधंगुरुःकुरुते ॥१०॥

ટીકા—રાશી થકી ગણતાં બારમો, દસમો, ચોથો પેલો, છઠ્ઠો, ત્રીજો, આઠમો ગુરૂ આવે તો શરીરને વિશે અનેક પ્રકારની વ્યાધિ ઉત્પન્ન કરે પરદેશ ગમન કરાવે અને મીત્ર સાથે વિરોધ કરાવવામાં બાકી રાખે નહી.

॥ इति गुरुफलम् ॥

॥ अथ शु[illegible]फलम् ॥

द्विधर्मलाभाष्ट[illegible]:सुतेस्यात् ॥
व्ययाख्यव[illegible]प्रथमेपिशुक्रः ॥
चतुर्थगश्चापिसमागमंच ॥
सत्पुत्रवर्गादिसुखंकरोति ॥११॥

ટીકા—બાર રાશીમાંથી હરકોઈરાશીથી ગણતાં બીજો, નવમો, અગીઆરમો, આઠમો, બારમો, ત્રીજો, પેહેલો તથા ચોથો શુક્ર આવે તો સારા માણસ સાથે સમાગમ કરાવે તથા સારા છોકરાઓથી સુખ મળે. પાંચમો શુક્ર પણ ઉપર લખ્યા મુજબ સારો જાણવો.

कर्मसप्तरिपुगःशुभः[illegible]तो ॥
रोगशोकमपिदत्तवान्[illegible]गुः ॥
कार्यनाशनमथोम[illegible]पदं ॥
स्त्रीविरोधमपिकष्टदःसदा ॥१२॥

ટીકા—જન્મની રાશી થકી જે રાશીનો શુક્ર ચાલતો હોય ત્યાંસુધી ગણાયા બાદ. દશમો, સાતમો તથા છઠ્ઠો શુક્ર આવે તો શરીરને વિશે રોગ તથા શોક ઉત્પન્ન કરાવે ધારેલા કામનો નાશ થાય તથા સ્ત્રીથી વિરોધ કરાવે અને માહાઆપતી સાથે કષ્ટ આણવામાં બાકી રાખે નહી.

॥ इति भ्रगुफलम् ॥

॥ अथ शनिफल[illegible] ॥

त्रिषष्टेचला[illegible]श्चापिसौ[illegible] ॥
ततोलाभकारीहिरण्यांबराणि ॥
नृपान्मि[illegible]पक्षाज्जयंचार्थलाभं ॥
करोत्यर्थलाभंसुखंसंपदश्च ॥१३॥

ટીકા—મેષાદી બાર રાશીમાંથી હરકોઈ રાશીથી ગણતાં ત્રીજો, છઠ્ઠો, અગીઆરમો તથા શની આવે તો લાભ તથા

સુખ મળે, હીરણ્ય અને વસ્ત્રની પ્રાપ્તી કરે, મીત્ર તથા રાજાની પક્ષ કરાવે, સુખ સંપત્તિ સાથે (અર્થ) કામનો લાભ કરાવે એમાં સંશય નહી.

द्वादशज-- चतुर्थपंचाष्टदशाद्विसप्तनवमोपि ॥

स्वजनस्यापिकलहंद्रव्यार्थहानिमर्कजःकुरुते॥१४।

ટીકા—મેષાદી બાર રાશીમાંથી હરકોઇ રાશીથી ગણતાં બારમો, પેહેલો, ચોથો, પાંચમો, આઠમો, દસમો, બીજો, સાતમો તથા નવમો શની આવે તો પોતાના ભાંડુ વર્ગમાં કલેશ ઉપજાવે તથા પૈસા સંબંધીથી હાની કરે તથા દુખ વિગેરે ઉત્પન્ન કરેછે.

॥ अथ राहुफलम् ॥

उपचयेप्रथमेनवमेतमो ॥

दिशातिपुत्रकलत्रधनागमं ॥

द्वितीयपंचमरंध्रमुनिस्थितो ॥

हि-कारिक्कगतोमरणंध्रुवं ॥१५ ॥

ટીકા—રાશીથી ગણતાં ત્રીજો, છઠ્ઠો, દશમો, અગીયારમો, પેહેલો તથા નવમો રાહુ આવે તો પુત્ર સ્ત્રી ધન વિગેરેનું સુખ આપે અને જો રાશીથા ગણતાં બીજો, પાંચમો, આઠમો, સાતમો ચોથો તથા બારમો રાહુ આવે તો મરણતુલ્ય કરે તેમાં

સંશય નહી. બીજા ગ્રહોનો બબ્બે શ્લોકોમાં સમાવેશ થયેલો છે, પરંતુ રાહુના ફળનો એક શ્લોકમાં સમાવેશ થાયછે.

॥ अथ लघुशनि फलम् ॥

कल्याणीखलुवृश्चिकाहि चतुरोराशौचतुर्थाष्टमे ॥
व्याधिंबंधुविरोधदेशगमनंक्लेशंचचिंताधिकं ॥
मृत्युश्चैवकरोतिचापिमनुजंदुःखानिवान्हिर्भयम् ॥
लोहंशस्त्रभयंसदैवमसुखंकुर्यादसौसर्वदा ॥१६॥

ટીકા—મેશાદિ બાર રાશીમાંથી હરકોઈ રાશીથી ગણતાં ચોથો તથા આઠમો શની આવે તો નાની પનોતી જાણવી. એ માહા દારૂણ દુખ આપનારી તથા વિંછીના જેવી ડંશવાળી છે. અને જે માણસને નાની પનોતી આવેછે તેને અનેક પ્રકારના વ્યાધિ કરે, ભઇથી વિરોધ કરાવે મનમાં કલેશ તથા પરદેશ ગમન કરાવે, ચીંતા મૃત્યુ દુખ તથા અગ્નીનો ભય, શસ્ત્રથી પીડા અને અસુખ વિગેરે ઘણું દુખ ઉપજાવનારી છે.

॥ अथ दिर्घशनि फलम् ॥

राशौद्वादशमूर्ध्निजन्महृदयेपादौद्वितीयेशनि ॥
नानाक्लेशकरोतिदुर्जनभयंपुत्रान्पशून्पीडनं ॥

हानिस्या[illegible] मरणंविदेशगमनंसौख्यंचसाधारणं ॥
रा[illegible]मारिद्धविनाशनंप्र[illegible]तेतुर्याष्ट[illegible]थवा ॥१७॥

ટીકા—મેષાદી બાર રાશીમાંથી હરકોઈ રાશીથી જે રાશીનો શની હોય ત્યાંસુધી ગણતાં બારમો શની આવે તો મુસ્તકને વિશે પનોતિ જાણવી તથા પેહેલો આવે તો છાતીએ અને જો બીજો સની આવે તો પગે પનોતિ જાણવી. એકંદર સાડાસાત વર્ષ સુધી મોટી પનોતિ રહેછે (તેનું ફળ) મનમાં અનેક પ્રકારનો કલેશ ઉત્પન્ન કરે તથા દુર્જનનો ભય, પુત્રને તથા પશુને પીડા પૈસા સબંધીની હાની, શરીરનું મરણતુલ્ય થવું, પરદેશ ગમન, સ્ત્રી તથા દ્રવ્યનો નાશ વિગેરે મહા દુઃખ આપવાને અશક્તિમાન થાયછે તથા નાની પનોતિ પણ ઉપર લખેલા અવગુણો કરે એમાં સંશય નહી.

॥ अथसर्वग्रहाणांफलस्यनिमाः ॥

राश्यादिगौरविकुजौफलदौसितेज्यौ ॥
मध्येसदाशशिसुतश्चरमेऽजमंदौ ॥
अध्वान्नवन्हिभयसन्मतिवस्त्रसौख्यं ॥
दुःखानिमासिजनिभेरविवासरादौ॥१८॥

ટીકા—સૂર્ય તથા મંગળ પૂર્વનાઅનુક્રમથીગણતાં રાશી ઉપર આવ્યા પેહેલાં શુભ તથા અશુભ ફળ આપવાને શક્તિમાન થાયછે તેમજ (સીત) શુક્ર તથા ગુરૂ મધ્યમને વિશે ફળ આપેછે. બુધ, ચંદ્ર તથા શની આ ત્રણ ગ્રહો ઉતરતાં ફળ આપવાને શકતીમાન થાય છે તથા જે માણસનો જન્મ જે નક્ષત્રમાં થયો હોય તે નક્ષત્ર ચાલતા પંચાંગમાં રવિવારને દીવસે આવે તો માર્ગને વિશે ગમન કરાવે. શોમવારને દીવશે બેસેતો અન્ન મળે તથા મંગળવારે અગ્નીનો ભય, બુધવારે સારી બુદ્ધી, ગુરૂવારે વસ્ત્રનું સુખ, શુક્રવારે શરીરથી સુખ તથા જન્મનું નક્ષત્ર શનીવારે બેસેતો માહા દુઃખ આપે એમાં શંસય નહી.

मासंशुक्रवुधादित्याः सार्द्धमासंतुमंगलः ॥
त्रयोदशगुरुश्चैव सपादा द्वि दिनेशशी ॥१९॥
राहुरष्टादशान्मासा न्त्रिंशमासान्शनिश्चरः ॥
यथाराहुस्तथाकेतू राशिभुक्ताःप्रकिर्तिताः ॥२०॥

ટીકા—શુક્ર બુધ તથા રવી એક રાશી ઉપર એક માસસુધી રહેછે. તથા મંગળ દોઢ માસ સુધી એક રાશી ભોગવેછે અને ગુરૂ એક વર્ષને એક માસ સુધી એક રાશી ઉપર રહેછે તથા ચંદ્રમા બે દીવસને ૧૫ ઘડિ સુધી રહેછે રાહુ એક વર્ષ ને આઠ મહીના તથા શની બે વર્ષ ને છ માસ સુધી એક

રાશી ઉપર રહેછે કેતુનું પ્રમાણ લખ્યું નથી માટે રાહુ પ્રમાણે સમજવું.

जन्मे सेरुद्र वर्णपादौ ॥
द्विपंचनंदारजतंशुभंच ॥
त्रिसप्तदिकूताम्रपदंवदंति ॥
चतुष्टमकोदितिलोहकष्टं ॥ २१ ॥

ટીકા—પનોતીના ચાર પાયાછે. પ્રથમ સોનાનો, બીજો રૂપાનો તથા ત્રાંબાનો અને લોહાનો તે જોવાની રીત નીચે મુજબ-જે દીવસે શની બદલાતો હોય તે દીવસે જે રાશીના ચંદ્ર હોય તે જોઇ નીશ્ચે કર્યા બાદ મેષાદી બારરાશીમાંથી હરકોઈ રાશીથી ચંદ્રની રાશી સુધી ગણતાં પેહેલો, છઠો, અગીરયારમો, ચંદ્ર આવે તો સોનાને પાયે પનોતી બેસે તેમજ ગણતાં બીજો, પાંચમો તથા નવમો, ચંદ્ર આવે તો રૂપાને પાયે પનોતી બેશે એમ સમજવું તથા ત્રીજો, સાતમો તથા દશમો ચંદ્ર આવે તો તાંબાને પાયે પનોતી બેઠી એમ જાણવું તથા રાશીથી ગણતાં ચોથો આઠમો તથા બારમો ચંદ્ર આવે તો લોઢાને પાયે પનોતી બેસે અને તે ઘણું કષ્ટ આપનાર છે એમ સમજવું.

माणिक्य गोधूमसवत्सधेनुम् ॥
कौशेयवस्त्रंगुडहेमताम्रं ॥
आरक्तकंचंदनपंकजंच ॥
ददातिदानं प्रदिप्तधाम्ने ॥२२॥

ટીકા—નવગ્રહમાંથી હરકોઈ ગૃહરાશી હોય તો તે ગ્રહનું દાન કરવાથી થતી પીડા અટકે છે માટે આ પ્રથમ સૂર્યનું દાન લખ્યું. માણક, ઘઊં, વાછરડા સાથે ગાય, રાતુ વસ્ત્ર, ગોળ, સુવર્ણ, તાંબુ, રાતુ ચંદન, અને કમળ એ સર્વે એકત્ર કરી સંકલ્પ સાથે દક્ષણા મુકી અતી પ્રકાશ છે તેજ તેનું એવા સૂર્યનારાયણ નીમિત આપવાથી અશુભ થયેલો સૂર્ય પીડા કરતો નથી.

सद्वंशपात्रेस्थिततंडुलाँश्च ॥
कर्पुरमुक्ताफलशुभ्रवस्त्रं ॥
गवा पियुक्तंवृशभंचरौप्यं ॥
चंद्रायदद्यातृघृतपूर्णकुंभं ॥ ॥२३॥

ટીકા—અશુભ ચંદ્રમાવાળા મનુષ્યને દાન આપવાની વિગત નીચે મુજબ. વાંસના પાત્રમાં ભરીને ચોખા, કપુર, મોતિ, ધોળું વસ્ત્ર, ગાયવડે યુક્ત વાછરડો, રૂપું તથા મૃન્મય

પાત્રમાં ઘી ભરવું. આ સર્વે જણસો બ્રાહ્મણને દક્ષણા મુકી આપવાથી અશુભ ચંદ્રની પીડા મટે છે.

प्रवालगोधुममसुरिकाँश्च ॥
वृषारुणंश्चापिगुडंसुवर्णं ॥
आरक्तवस्त्रंकरवीरपुष्पं ॥
ताम्रंहिभौमायवदंतिदानं ॥२४॥

ટીકા—પરવાળું, ઘઊં, મસુરની દાળ, રાતો વૃશભ ગોળ, સોનું રાતુ વસ્ત્ર રાતી કરણનું ફુલ તથા તાંબુ આ સર્વે એકત્ર કરી દક્ષણા મુકી સંકલ્પ સાથે બ્રાહ્મણને આપવાથી અશુભ મંગળની પીડા મટેછે.

चैलंचनिलंकलधौतकांस्यं ॥
मुद्गाँश्चगोरोत्तमगंधपुष्पं ॥
दासींचदत्वाद्विजहस्तकेच ॥
वदंतिदानंविधुनंदनाय ॥२५॥

ટીકા—નીલવસ્ત્ર, શુદ્ધકાંસુ, મગ, ગોરૂચંદન. ચંદન. પુષ્પ. તથા દાશી ( દાશી ) સર્વે એકત્ર કરી બ્રાહ્મણના હાથમાં સંકલ્પ યુક્ત દક્ષણા સાથે આપવાથી બુધની પીડાની શાંતી થાય છે. (उक्तंच दासिषु केशे इति) દાશીનું દાન તેના કેશ ઝાલી બ્રાહ્મણના હાથમાં આપવી.

शर्कर[redacted]जादि तुरंगमम् ॥
पीतधान्यमपिसुपीतांबरं ॥
पीतपुष्पलवणंचकांचनं ॥
प्रीतयेसुरगुरु[redacted] तां ॥२६॥

ટીકા—સાકર, હળદર, ઘોડો, ચણાની દાળ, પીતાંબર, પીળાં ફુલ, મીઠું તથા સોનું સર્વ એકત્ર કરી સંકલ્પ સાથે દક્ષણા બ્રાહ્મણને આપવાથી ગુરૂની પીડાની શાંતી થાયછે.

चित्रांबरंशुभ्रतरस्तुरंगो ॥
धेनुंसवत्सांरजतंसुवर्णं ॥
सतण्डुलंचापिसुगंधयुक्तं ॥
वदंतिदानंभृगुनंदनाय ॥२७॥

ટીકા—ધોળો ઘોડો, ચીત્ર વિચીત્ર વસ્ત્ર, વાછરડા સાથે ગાય, સોનું, ચોખા, સારા ગંધયુકત સુખડ, ધોળાં ફુલ રૂપુ એ સર્વે શુક્રથી થતી પીડા દુર કરવાને દક્ષણાયુક્ત બ્રાહ્મણને આપવું જેથી શાંતી થાય.

माखाश्वतैलंविमलेंद्रनीलम् ॥
नीलांबरस्यात्महिशीचलो: ॥

सदक्षिणांचेतिवदंतिदद्यं ॥
दुष्टायदानंरविनंद-नाय ॥२८॥

ટીકા—અડદ, તેલ, પરવાળું, કાળો મણી, કાળુ લુગડું, ભેંશ તથા લોઢું આ સર્વ માહા દુખ દેનાર દુષ્ટ પાપીશની શાંતીને માટે દક્ષણાયુક્ત સંકલ્પ કરી આપવું જેથી શનીની શાંતિ થાય છે.

गोमेदरत्नंचतुरंगमंच ॥
सुनीलचैलंनीलकंबलश्च ॥
तिलाश्चतैलंखलुलोहमिश्रं ॥
स्वर्भानवेदानमिदंवदंति ॥२९॥

ટીકા—ગોમેદ, રત્ન, સારૂં કાળું વસ્ત્ર, કાળો ઘોડો, કાંમળો, તલ, તથા તલનું તેલ તથા લોઢુ શરીરની સુખાકારીને માટે આ સર્વે જણશો એકત્ર કરી સંકલ્પયુકત દક્ષિણા મુકી બ્રાહ્મણને આપવાથી નેષ્ઠ રાહુથી થતી પીડા અટકે છે ને સુખ થાય છે.

वैदुर्यरत्नंसतिलंचतैलं ॥
सुकंबलंचेतिनदो-गस्य ॥

वस्त्रंचकेतोःपरितोषहेतो ॥
रुदिरितंदानामिदंमुनिंद्रैः ॥३०॥

ટીકા—મણી, રત્ન, તલ, તેલ, સારો કામલો, કસ્તુરી તથા વસ્ત્ર આ સર્વે એકત્ર કરી દક્ષિણા મુકી સંકલ્પ સાથે બ્રાહ્મણને આપવાથી કેતુથી થતી પીડા અટકે છે.

रविदिननखसंख्याचंद्रमाव्योमबाणैः ॥
क्षितितनय गजाब्धिचंद्रजःषट्शराणि ॥
शनिरसगुणसंख्यावाक्पतिर्नागबाणै ॥
नयनयुगचराहुसप्ततिशुक्रसंख्या ॥३१॥

ટીકા—મેષાદી બાર રાશીમાંથી હરકોઇ રાશીને ચાલતી સંક્રાંતીના આધારથી ગણતાં સૂર્યાદિ નવગ્રહો સાથે પ્રત્યેક ગ્રહની દશાનું પ્રમાણ નીચે મુજબ પ્રથમ સૂર્યની દશા વિસ દીવસ, ભોગવે તેમજ ચંદ્ર પચાસ દીવસ, મંગળ દીવસ બુધ છપન દીવસ, શની ૩૬ દીવસ, ગુરૂ ૫૮ દીવસ, રાહુ ૪૨ દીવસ તથા શુક્રની દશા સીતેર દીવસ ભોગવે.

जन्मनाविंशतिःसूर्येत्रतियेदशचंद्रमा ॥
चतुर्थेभौमचाष्टौचषष्टेवेदबुधस्तथा ॥ ३२ ॥
सप्तमेशानिदशानेष्टानवमेगुरुरष्टका ॥

दशगे विंशतीराहुशेशाशुक्रदशास्मृता ॥३३॥

ટીકા—મેશાદી બાર રાશીમાંથી કોઇ પણ રાશીથી ચોલતા પંચાંગમાં જે રાશી ઉપર સૂર્ય હોય ત્યાં સુધી ગણતાં પેહેલો સૂર્ય આવે તો વિસ દિવશ સુધી સુર્યની દશા રહે ગણતાં ત્રીજો આવે તો ત્રીજા સૂર્યના પ્રારંભથી દશ દીવસ જતા સુધી ચંદ્રની દશા રહે તેમજ ચોથા સૂર્યના આઠ દીવસ જતાંસુધી મંગળની દશા રહે તથા છઠ્ઠા સૂર્યના ચાર દીવશ જતાં સુધી બુધની દશા રહે તથા સાતમા સૂર્યના દસ દીવશ જતાં સુધી શનિની દશા રહે.

દસમા સૂર્યના વિસ દિવસ જતાં સુધી રાહુની દશા રહે અને રાશી ગણતાં શુક્રની દશા રહે તેનું પ્રમાણ ૭૦ દીવસનું છે.

सूर्योवित्तविनाशनंप्रकुरुतेधर्मार्थलाभंशशी ॥
भौमःशस्त्रविघातरोगमरणंचंद्रात्मजःसंपदं ॥
मंदोमंदगतिर्गुरुश्चविभवंराहुस्तथाबंधनं ॥
शुक्रःसर्वसुखंकरोतिपुरुषंतुष्टोयथापार्थिवः ॥३४॥

ટીકા—સૂર્યની દશા પૈસાનો નાશ કરે તથા ચંદ્રની દશા દ્રવ્ય તથા પૈસાનો લાભ કરે મંગળ શસ્ત્રથી પીડા તથા રોગ વિગેરે ઉત્પન્ન કરે બુધ સંપત્તી આપે શની મંદગતી ગુરૂ વિભવનું સુખ તથા રાહુની દશા બંધન કરાવે અને

શુક્રની દશા સર્વ સુખ આપનારી છે. જેમ રાજા પ્રસન્ન થઇ દરીદ્રનો નાશ કરે છે તેમ પરાક્રમી શુક્રની દશા અનેક પ્રકારનું ફળ આપવાને બાકી રાખતી નથી.

मेषेवर्षेदिशिपूर्वआग्नेय्यांमिथुनेतथा ॥
दक्षिणेकर्कटेज्ञेयांसिंहेवाव्यादिशिस्मृतं ॥३५॥
कंन्यायामुउत्तरेग्नेयंप्रतीच्यांतुलवृश्चिके ॥
धनेचैवतुवायव्यांमकरेकुंभेतथोत्तरे ॥३६॥
मीनइशानतोज्ञेयमेतत्तस्करलक्षणं ॥ इत्यर्द्धं ॥

ટીકા—કોઈ માણસ જોશીને ત્યાં જઈ પુછે કે મારી અમુક વસ્તુ ખોવાઇ છે તે ક્યાં ગઇ હશે તેજ વખતે જોશીએ શાસ્ત્રના નીયમની લગ્ન વર્તવું અને તેમાં પ્રથમ મેશ લગ્ન તથા વરખ લગ્ન આવે તો પુર્વ દીશામાં તે રકમ ગઇ એમ કહેવું તથા મીથુન લગ્ન આવે તો અગ્નીકુણમાં કર્ક લગ્ન આવે તો દક્ષણમાં સીંહ લગ્ન આવે તો વાવ્યકુણમાં કન્યા લગ્ન આવે તો ઉત્તરે તુલા તથા વૃશ્ચિક લગ્ન આવે તો પુર્વ દીસામાં તથા ધન લગ્ન આવે તો વાવ્ય કોણમાં મકર તથા કુંભ લગ્ન આવે તો ઉત્તર દીશામાં અને મીન લગ્ન આવે તો ઈશાન કુણમાં તે વસ્તુ ગઈ એમ સમજવું.

मेषेचब्राह्मणश्चौरोवृषेचक्षत्रीयोभवेत् ॥

मिथुनेवैश्यश्चौरश्चकर्कटेशुद्रएवच ॥ ३७ ॥
सिंहेस्वजनश्चौरश्चकन्यायांचकुलांगना ॥
पुत्रोवायदिवाभ्रातातुलायांतस्करोभवेत् ॥३८॥
वृश्चिकेभ्रातृचौरश्चभार्याचौरोधनेऽपिच ॥
मकरेवैश्यश्चौरश्चकुंभेचमुषिकस्तथा ॥३९॥
मीनेधरणीगतंप्रोक्तंनान्यथातस्करोभवेत् ॥४०॥

ટીકા—પ્રથમની પેઠે લગ્ન નીશ્ચય કર્યા બાદ મેષ લગ્ન આવે તો તે વસ્તુ બ્રાહ્મણ ચોરી ગયો એમ કહેવું તથા વરખ લગ્નમાં ક્ષત્રી મિથુનમાં વૈશ્ય કર્કમાં શુદ્ર સીંહ લગ્નમાં સ્વજન કન્યા લગ્નમાં પોતાના કુળની સ્ત્રી તુળા લગ્નમાં છોકરો તથા ભાઈ વૃશ્ચિક લગ્નમાં કઈ વસ્તુ ગઈ હોય તો ભ્રાતૃ વર્ગમાં તથા ધન લગ્નમાં પોતાની સ્ત્રી મકરમાં વૈશ્ય કુંભ લગ્નમાં ઉંદર અને જો મીન લગ્નમાં કાંઈ વસ્તુ ગઇ તો તે પૃથ્વીમાં ખોવાઈ ગઇ એમ સમજવું.

पितृजनकृतदोषोदाहतृष्णांगचिंता ॥
ज्वरवमनशिरार्तिर्मेषलग्नेंऽगपीडा ॥
द्विजवरकृतभोज्यंतर्पणांपिंडदानं ॥

जलघटदिनपंचपिप्पलःपूजनीयः ॥४१॥

ટીકા—કોઇ માણસ મેશ લગ્નમાં પ્રશ્ન મુકે તો કેવું કે તારે પીત્રીદેવની પીડા છે તેથી શરીરને વિશે દાહ, તૃષ્ણા, ચીંતા, જવરનું આવવું, ઉલટીનું થવું તથા મુસ્તકનું ચઢવુ વિગેરે દુઃખ ઉત્પન્ન કરે તેની શાંતીને માટે બ્રાહ્મણ ભોજન, તર્પણ તથા પીંડનું દાન, અને એક ઘડા પાણીથી પાંચ દીવસ સુધી પીપળાની પુજા કરવી જેથી પીત્રીદોશ શાંતી થઈ સુખ થાય છે.

वृषेगोत्रदोषोज्वरंतापतृष्णा ॥
वलंनिर्वलंकर्णनेत्रेविकारः ॥
कृतेशक्तिपाठेचनैवेद्यदाने ॥
घृतंक्षीरहोमादिकेरोगनाशः ॥४२॥

ટીકા—વરખ લગ્નમાં પ્રશ્ન મુકે તો ગોત્રનો દોશ જાણવો તેથીથતી પીડા લખુંછું ( શરીરમાં જવર, મનમાં સંતાપ, બળની હાની કાન તથા નેત્રમાં વિકાર વિગેરે દુઃખ થાય છે તેની શાંતી દુર્ગાપાઠ બ્રાહ્મણો પાસે કરાવી દેવીને નૈવેદ્ય કરી ઘી સાથે ક્ષીરનો હોમ જગદંબીકાના નીમીત આપવાથી ગોત્ર દોશની શાંતી થઈ રોગ મટે છે. )

सदादेवीदोषोयदायुग्मलग्ने ॥

शीर्षेव्यथाअंगभंगोभ्रमश्च ॥
पिठःस्थापनंपूजनंपिंडदानं ॥
शताष्टाहुतीर्गुग्गुलस्यापिकुर्यात् ॥४३॥

ટીકા—મીથુન લગ્નમાં પ્રશ્ન પુછે તો દેવીનો દોશ જાણવો તેથી માથામાં પીડા તથા અંગનું ભમીજવું વિગેરે દુઃખ કરે તેની શાંતીને માટે પીઠ સ્થાપન કરી પુજન કર્યા બાદ પીંડદાન કરવું તથા આહુતી ગુગળની આપવી દોશની શાંતી થાય છે.

कर्कोदयेशाकिनीदोपमुग्रा ॥
मजीर्णवातामुखशीर्षपीडा ॥
नैवेद्यदानंपयसापिमाषै ॥
घृंतप्रदीपैःकृतदोषनाशं ॥४४॥

ટીકા—કર્ક લગ્નમાં પ્રશ્ન મુકે તો શાકીનીનો દોશ સમજવો જેથી અજીર્ણ વાયુ મોઢામાં તથા માથામાં પીડા એની શાંતીને માટે ઘીનો દીવો કરી અડદ તથા દુધનું નૈવેદ કરવું જેથી દોશની શાંતી થાય છે.

सिंहोदयेप्रेतमलीनदोपो ॥
अग्निप्रकोपंवमनातिसारं ॥

दर्भैःकृतंपूतलिकाविधानं ॥

भोज्यंकृतंपिंडतीलतर्पणंच ॥४५॥

ટીકા—સિંહ લગ્નમાં કોઈ માણસ દાણા લઈ પ્રશ્ન મુકાવવા આવે તો પ્રેતની પીડા કહેવી તેથી અગ્નીનો પ્રકોપ થાય ઉલટી તથા અતીસાર ઉત્પન્ન કરે. એની શાંતીને માટે પુતલ વિધાન કરી બ્રાહ્મણભોજન કર્યા બાદ તલ થકી તર્પણ કરવાથી ભુતની પીડાનો દોશ મટે છે.

कन्याविलग्नेकृतकर्मदोषः ॥

प्रलापमुर्छाभ्रमदाहतापं ॥

षडांगजाप्यंदशमांशहोमं ॥

कृताभिशेकोखलुदोषनाशः ॥४६॥

ટીકા—કન્યા લગ્નમાં પ્રશ્ન મુકે તો કર્મનો દોષ કહેવો જેથી પ્રલાપ, મુર્છા શરીરનું ભમાંજવું છાતીએ દાહ મનમાં સંતાપ વિગેરે પીડા કરે તેની શાંતીને માટે ( શડાંગ )શીવ પંચાક્ષર મંત્રનું આરાધન કરી તે મંત્રનો દશાંશ હેમ કરવો અને શંકરના નીમીત અભીશેક કરાવવો જેથી કર્મદોશ મટેછે ને શરીરે સુખ થાય છે.

तुलेक्षेत्रपालःकृतोदोषदुष्टो ॥

ज्वरंचांगपीडाकिलनेत्ररक्तं ॥
घृतैरक्तपुष्पैश्चसिंदूरयुक्तं ॥
द्विजेंद्रदायदानंतिलमाषलोहं ॥४७॥

ટીકા—તુલા લગ્નમાં પ્રશ્ન મુકે તો ક્ષેત્રપાળનો દોશ કહેવો એ દોશથી તાવ શરીરમાં પીડા નેત્ર રાતાં વિગેરે પીડા કરે. તેની શાંતીને માટે ઘી તથા રાતાં ફુલ સીંદુર અડદ તલ તથા લોઢુ બ્રાહ્મણને આપવાથી ક્ષેત્રપાળની પીડા મટેછે.

वैतालदोषोऽलिलग्नेप्रकुर्यात् ॥
ज्वरंप्रलापोभ्रमनेत्रपीडा ॥
तस्याभिधानंकणरवीरपुष्पं ॥
सताष्टाहुतीर्गुग्गुलस्यप्रकुर्यात् ॥४८॥

ટીકા—વૃશ્ચીક લગ્નમાં પ્રશ્ન મુકે તો વૈતાલનો દોશ કહેવો એથી શરીરમાં જવર પ્રલાપ શરીરનું ભમવું નેત્રમાં પીડા વિગેરે દરદ ઉત્પન્ન કરે તેની શાંતી કરવાને માટે પુષ્પ તથા ગુગળ એકત્ર કરી ૧૦૮ આહુતી આપવાથી વૈતાલની શાંતી થાય છે.

महामारीदोषोधनेचैवलग्ने ॥
शार्ङ्गैचपीडाज्वरंगात्रभंगं ॥

तस्यकृतंपूतलंक्षेत्रपालं ॥
चंडीविधानंकृतदोशनाशं ॥४९॥

ટીકા—ધન લગ્નમાં માહામારીનો દોશ સમજવો જેથી માથામાં પીડા તાવનું આવવું શરીરમાંથી બળનો ક્ષય વિગેરે રોગો ઉત્પન્ન કરેછે તેની શાંતીને માટે પુતળું કરી ક્ષેત્રપાળનું પુજન કરવું તથા ચંડીનું વિધાન કરવાથી દોશની શાંતી થઈ સુખ થાય એમાં સંશય નહી.

मृगेमार्गणीरेफणीक्षेत्रपालं ॥
सदाभंगनेत्रंज्वरोदेहभंगं ॥
कृतंपूतलंरक्तपूष्पैर्युतंच ॥
कृतस्नानरुद्रिकृतंदोशनाशं ॥५०॥

ટીકા—મકર લગ્નમાં પ્રશ્ન મુકે તો માર્ગણી, રેફણી તથા ક્ષેત્રપાળનો દોશ કહેવો જેથી કરી નીરંતર આંખમાં પીડા તાવ શરીરભંગ વિગેરે રોગો ઉત્પન્ન કરેછે તેની શાંતીને માટે પુતળું કરી પ્રથમ સ્નાન કરી રાતાં ફુલથી પુજા કરવી તથા શંકર ઉપર રૂદ્રી કરાવવાથી દોશની શાંતી થાયછે.

घटेपूर्वजोगोत्रदेव्यादिदोषो ॥
ज्वरोद्वेगशोकातिर[illegible]थैव ॥

जलंपिष्पलेदीयतेपिंडदानं ॥

तिलंतर्पणंब्रह्मभोज्यादिकंच ॥५१॥

ટીકા—કુંભ લગ્નમાં પ્રશ્ન મુકે તો ગોત્રદેવીનો દોશ કહેવો એ દોશથી શરીરમાં તાવ, મનમાં ઉદ્વેગ, તથા શોક, તથા અતીસાર વિગેરે રોગો ઉત્પન્ન કરેછે. તેની શાંતીને માટે પીપળીને પાણી રેડવું તથા પીત્રીને પીંડપ્રદાન તથા ર્પણ કરવું અને બ્રહ્મભોજન કરાવાથી દોશની શાંતી થાયછે.

मोनेशा किनीकर्कशादोशउग्रो ॥

हृदिजाठरेदहापित्तज्वरंच ॥

कृतंपारणंब्रह्मभोज्यादिकंच ॥

सताष्टाहुतीर्गुग्गुलस्यप्रकुर्यात् ॥५२॥

ટીકા—મીન લગ્નમાં દાંણા લઈ કોઈ માણસ જોશીને પ્રશન પુછવા આવે તો શાકીનીનો દોશ જાણવો -હૃદ-વેશે તથા પેટને વિશે દાહ ઉત્પન્ન થાય તથા પીત્ત તાવ આવે એની શાંતીને માટે બ્રાહ્મણને પારણાં કરા-ી ત્ જમાડવા અને ગુગળમાં ઘી નાંખી ૧૦૮ આહુતી ી જેથી થયેલી પીડાની શાંતી થાય છે.



પંચાંગમાં જે રાશીનો ગ્રહ ચાલતો હોય તે નક્કી કરી પછી જે રાશીને ગ્રહ જોવો હોય તે રાશીના પ્રારંભથી

॥ श्रेष्ठ ग्रहाः ॥

| सू. | चं. | मं. | बु. | गु. | शु. | श. | रा. | के. |
|---|---|---|---|---|---|---|---|---|
| ३ ६ १० ११ | १ २ ३ ६ ७ १० ११ | ३ ७ ११ ० ० | ४ ६ १० ८ २ ० | २ ५ ७ ९ ११ ० | २ १ ३ (४ ५) ८ ९ ११ १२ | ३ ६ ११ ० ० | ३ ६ १० ११ १ ९ | ३ ६ १० ११ १ ९ |

नेष्ट ग्रहाः ॥

| सू. | चं. | मं. | बु. | गु. | शू. | श. | रा. | के. |
|---|---|---|---|---|---|---|---|---|
| १ २ ४ ५ १ | ४ ५ ९ १२ ९ ० | १ ४ ५ २ ७ ८ १० | १ ५ ७ १२ ३ | ३ ४ १ १० ० १२ | ६ ७ १० | १ ४ ५ १२ ७ ८ २ ९ १० | २ ५ ७ ८ ४ १२ | २ ५ ७ ८ ४ १२ ० |

ગણતાં જેટલામો આંક આવે તે ૨ ખોટો જોઈ લેવો ૨. ૨ ક શેરી ગ્રહો સારા તથા ખોટા જણાશે.